## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આ લોકો એ વસ્તુના ભાવ ઘટાડવાની જગ્યાએ રૂપિયાનાં ભાવ ઘટાડી નાખ્યા...!

## વાવોલમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા વાવોલ કુબેરનગર ખાતે રહેતા અને જુના સચિવાલય સામે ચા ની લારી ચલાવતા આધેડના ડ્રીમ યુગા બાઈકની ચોરી થવા પામી છે.દિનેશ મોતીભાઈ સોયા (રહે. હનુમાનજી મંદિર વાવોલ), જુના સચિવાલય પાસે આવેલા પીકઅપ બસસ્ટેન્ડ પાસે ચા ની લારી ચલાવે છે. જયારે ઘર ઉપયોગી તેમજ આવન જાવન માટે તેઓ બાઈકનો ઉપયોગ કરે છે. ત્યારે ઘર પાસે રહેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી બાઈક નં. જી.જે.૧૮.ડી.જી.-૫૫૦૨ ની ચોરી થવા પામી છે. જયારે સવારના સમયે બાઈક લઈ વેપાના સ્થળે પહોંચવા માટે બાઈક લેવા જતા જોવા મળ્યું ન હતું.બનાવને પગલે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લામાં મે-૨૦૨૨માં મેગા જોબ ફેર યોજાશે.

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર જિલ્લા રોજગાર અને વિનિયમ કચેરી, ગાંધીનગર દ્વારા જિલ્લના યુવા અને ઉત્સાહી રોજગારવાંચ્છુંકોને રોજગારીની ઉમદા તક મળી રહે તેવા જીલ્લાકક્ષાના ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન મે-૨૦૨૨માં કરવામાં આવનાર છે. જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, ભરતીમેળામાં રોજગારવાંચ્છુંકોને પોતાના કૌશલ્યને અનુરુપ પસંદગીની બહોળી તક મળી રહે તેમજ જાહેરક્ષેત્ર અને ખાનગીશ્રેત્રના એકમોને એકમ ખાતે ખાલી પડેલ જગ્યાની વિગત જીલ્લા રોજગાર કચેરીગાંધીનગર ખાતે નોંધવવા આમંત્રિત કરવામાં આવે છે.

રોજગાર ભારતી મેળાના માધ્યમથી એકમોને જરૂરિયાત મુજબના કૌશલ્યબદ્ધ ઉમેદવારો મળી રહે તે હેતુસર ખાલી જગ્યાઓની નોંધણી અનુબંધમવેબ પોર્ટલ (anubandham.gujarat.gov.in) પરકરી શકાશે અથવા આપેલ ગુગલ ફોર્મલીક (https://rb.gy/kg0yll) પર જરૂરી માહિતી ભરીને તા.૩૦-૦૪-૨૦૨૨ સુધીમાં વેકેન્સી સબમિટ કરવાની રહેશે. તેમજ જોબસીકર તરીકે ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ આપેલ ગુગલ ફોર્મ લીંક (https://rb.gy/92mkz0) આપનું રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવ્યું છે. વધઉ જાણકારી માટે રોજગાર હેલ્પલાઇન નંબર-૬૩૫૭૩૯૦૩૯૦ પર ફોન કરી માહિતી મેળવી શકાશે, તેવું પણ જણાવ્યું છે.

# શહેરમાં પ્રથમવાર આવ્યું કાચી કેરીનું દેશી પીણું

## શહેરમાં પ્રખ્યાત સે. ૨૧ પૂજાપાર્લરના કુણાલ વ્યાસે કાચી કેરીનું ''આમપન્ના'' તૈયાર કર્યું : જેને પીતા જ વાહ શું સ્વાદ છે તેમ બોલી ઉઠશો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત કાચી કેરીમાંથી બનાવેલું પીણું માર્કેટમાં આવ્યું છે જેનું નામ છે ''આમ પન્ના''. શહેરની જાણિતા પૂજા પાર્લરના કુણાલ વ્યાસ દ્વારા આ નવી પ્રોડક્ટ તૈયાર કરવામાં આવી છે. જેમાં કોઈ પણ પ્રકારનું ખાદ્ય કેમિકલ નાખ્યા વગર કુદરતી દેશી પીણું તૈયાર કરવામાં આવ્યું છે. કાચી તોતાપુરી કેરીમાંથી બાફીને પલ્પ બનાવીને તેમાંથી આ દેશી પીણું બનાવ્યું છે. જેમાં જીરૂ, સંચળ, મીઠુ, ફુદીનો, ખડી સાકર ઉમેરીને સ્વાદિષ્ટ દેશી પીણું બનાવવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરમાં આવું દેશી પીણું સૌ પ્રથમ વખત માર્કેટમાં વેચાણ સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું છે. શહેરીજનો આ પીણું પીતા જ ગરમીની મોસમમાં 'વાહ શું સ્વાદ છે' તેમ બોલી ઉઠશે. તમામ વ્યક્તિને પોષાય તેવા ભાવમાં નાની બોટલમાં આ ''આમ પન્ના'' નામનું દેશી પીણું માર્કેટમાં આવી ગયું છે. સેક્ટર-૨૧માં પૂજા પાર્લર ખાતે તેનું વેચાણ શરૂ થઈ ચુક્યું છે.

શહેરમાં ગરમીની શરૂઆત થતા જ વિવિધ પ્રકારના ઠંડા પીણા માર્કેટમાં વેચાણ સ્વરૂપે આવી ચૂક્યા છે. ત્યારે કેમિકલયુક્ત પીણા પીવા કરતા આ કુદરતી અને દેશી પીણા પીવા સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક નીવડે છે.

શહેરીજનો નાના મોટા પ્રસંગોમાં કોલ્ડ્રીંક્સની બોટલોની જગ્યાએ આવા દેશી ''આમ પન્ના''નો ઉપયોગ કરી શકે છે. જે સ્વાસ્થ્યને નુકસાન પણ કરતુ નથી અને ગરમીથી રાહત પણ મળી રહે છે.

આ ''આમપન્ના''માં કાચી કેરીને બાફીને તેનો પલ્પ તૈયાર કરીને તેમાં વિવિધ ઈનગ્રેડીયન્ટ ઉમેરીને બનાવ્યું છે જેમાં વિવિધતા એ છે કે તેમાં ગોળની જગ્યાએ ખડી સાકરનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને




કોઈ ખાદ્ય કલરનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. જેમાં આજના માર્કેટમાં તો ખાદ્ય કલરનો ભરપૂર ઉપયોગ થતો હોય છે. આ કાચી કેરીમાંથી બાફીને જે પલ્પ તૈયાર કરવામાં આવે છે તેનો ઉપયોગ લાંબા સમય સુધી કરી શકાય છે. એર ટાઈટ કન્ટેનરમાં આ પલ્પને ભરી રાખીને લાંબા સમય સુધી તેનો ઉપયોગ કરવામાં આવે છે. આજકાલ દરેક વસ્તુઓ સિઝન વગર પણ ઉપલબ્ધ જોવા મળે છે જેમ કે કેરીનો રસ, અનેક પ્રકારના જ્યુસ જે સિઝન વગર પણ માર્કેટમાં ઉપલબ્ધ હોય છે. એટલે કે હવે કોઈ પણ સિઝનમાં આપણે કાચી કેરીનો શરબત પણ ચાખી શકીશુ. ઉનાળાની ગરમી પછી પણ કાચી કેરીનું આ દેશી પીણું ઉપલબ્ધ રહેશે. જો કે પૂજા પાર્લરની વાનગીઓ શહેરીજનો માટે અતિપ્રિય બની રહી છે તેમાં આ એક નવો ઉમેરો થયો છે જે ચોક્કસથી શહેરીજનો માટે મનપસંદ બની રહેશે.

ઉનાળાની ગરમીમાં લૂ થી બચવાથી લઈને પેટમાં ટાઢક સુધીનું કામ કાચી કેરી કરે છે. કાચી કેરીને જોઈને બાળકોથી માંડીને અબાલ વૃદ્ધનું મન લલચાઈ જાય છે. એક કાચી કેરીમાં ૩૫ સફરજન, ૧૮ કેળા, ૯ લીંબુ અને ૩ સંતરા જેટલું વિટામીન સી હોય છે. કાચી કેરીમાં એટલી બધી માત્રામાં જુદા જુદા પોષક તત્વો મળે છે કે જેનાથી ઘણી બિમારીઓને દૂર કરી શકાય છે. કાચી કેરીમાં રહેલા વિટામિન સી થી લોહીની કોશિકાઓમાં સ્થિતિ સ્થાપકતા આવે છે અને નવી કોશિકાઓ બનાવવામાં પણ મદદ મળે છે. ઉનાળામાં કાચી કેરીનો રસ પીવાથી રક્ત સાફ થાય છે. ઉનાળામાં લુ લાગવી નાની સમસ્યા થઈ જાય છે. જેમાં ઘણીવાર ઉલટી, તાવ જેવી સમસ્યા થઈ જાય છે. તેવામાં કાચી કેરીનો શરબત ખૂબ ફાયદાકારક નીવડે છે.

# પોલીસ તંત્ર દ્વારા સવા બે કરોડથી વધુના દારૂના જથ્થાનો નાશ કરાયો





ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આજે ગાંધીનગર ડીવીઝનમાં સમાવેશ પોલીસ મથકમાં ૪૪૮ ગુનામાં પકડાયેલ ૯૩૨૮૭ બોટલમાંથી ૧૦૭૯ બોટલ સેમ્પલ માટે તેમજ રૂ.૨,૨૬,૪૯,૯૯૮ રૂપીયાની કિંમતની ૯૨,૨૦૮ બોટલ દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. પોલીસ તંત્ર દ્વારા કોબા ખાતે વિદેશી દારુની બોટલો માર્ગ પર મુકીને બુલડોજર ફેરવી દેવામાં આવ્યું હતું. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વિભાગમાં વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ ના ફેબુઆરી માસ સુધીમાં એટલે કે છેલ્લા ૩૮ માસમાં સેકટર-૨૧ માં ૩૩ ગુનામાં ૧૭,૬૨૦, ચિલોડામાં-૧૫૭ ગુનામાં ૪૨૪૯, ડભોડામાં-૪૫ ગુનામાં ૩૦૮૨૦,પેથાપુર-૫૪ ગુનામાં ૧૧,૩૩૨ દહેગામ-૧૦૦ ગુનામાં ૧૪૭૫૨, રખીયાલ-૫૦ ગુનામાં ૧૩,૯૬૭ તેમજ ઈન્ફોસીટી-૯ ગુનામાં ૫૪૭ બોટલ કબ્જે લેવામાં આવી છે. પોલીસ મથકે વિવિધ પોલીસ મથકના મળી કુલ-૪૪૮ દારુના કેસમાં ૯૩,૨૮૭ બોટલ કબ્જે લીધી હતી. જેમાં ચિલોડા અને દહેગામમાં સૌથી વધુ તેમજ ઈન્ફોસીટીમાં સૌથી ઓછા ગુના નોંધાયા છે. જયારે પોલીસે રૂ.૨,૨૬,૪૯,૯૯૮ ની કિંમતની ૯૨,૨૦૮ બોટલનો કોબા પાસે નાશ કરવામાં આવ્યો છે. કોબા પાસે દારુની બોટલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં દારુની દુર્ગંધ ફેલાઈ હતી.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શુંભુજી ઠાકોર આજે જિલ્લા પંચાયતની મુલાકાતે હતા.

● ઓકટ્રોય નહિ વસુલતી ગ્રામ પંચાયતો માટે જિલ્લાની ગ્રામ પંચાયતોને પ્રથમ હપ્તા પેટે રૂ. ૩૨ લાખથી વધુની ગ્રાન્ટ છુટી કરવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ એક્ટની બેઠક મળી હતી.

● પી.એસ.આઈ. પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયું છે.

● ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો કોઈ નવો કેસ નોંધાયો નથી.

● દહેગામ જી.આઈ.ડી.સી.માં એલ્યુમીનીયમ સેકશન ફેકટરીના માલિકની બંધ ગાડીમાં સાઈડનો ગ્લાસ તોડી ગઠિયો ગાડીમાં મુકેલી રૂ. ૭ લાખની રોકડ રકમની તડફંચી કરી ગયો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ શાખા દ્વારા ક્રિકેટ રમતા કર્મયોગીઓને આજે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કીટ આપવામાં આવી રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

● કલોલ તાલુકાના નારદીપુર ગામે આજે નવનિર્માણ પામનાર રામજી મંદિરનો ખાતવિધિ કાર્યક્રમ યોજાયો હતો.

● સી.બી.એસ.ઈ.ની ધો. ૧૦ની પરીક્ષાનો આજથી આરંભ થયો છે.

● સે. ૩૦ની સરકારી પ્રા. શાળામાં જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા બાળકોને પગરખા વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં બપોરના સમયે માર્ગો સુમસામ થઈ જાય છે.

# દહેગામ તાલુકાના ખેડૂતોને બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની બાગાયત ખાતાની નાયબ બાગાયત નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા દહેગામ તાલુકાના વાસણા ચૌધરી, કંથારપુરા, પાટનાકૂવા ગામોમાં બાગાયત ખાતાની વિવિધ યોજના જેવી કે શાકભાજી, ફૂલપાક, મસાલાપાકો, ફળપાકોના વાવેતરમાં સરકારશ્રી દ્વારા આપવામાં આવતી

સહાય (સબસીડી) વિશે ખેડૂતોને માહિતીગાર કર્યા. તા. ૩૦-૪-૨૦૨૨ સુધી ઓનલાઈન આઈ. કિસાન પોર્ટલ મારફતે અરજીઓ કરવાની સમજણ પુરી



પાડી. વધુમાં વધુ ખેડૂતો લાભ લેવા સમજાવવામાં આવ્યા. જે અંગેની સમજણ બાગાયત ખાતા તરફથી જીજ્ઞેશ એ. પટેલ બાગાયત અધિકારી દહેગામ તાલુકો દ્વારા માહિતી પુરી પાડવામાં આવી.

# સિવિલમાં ઝાડા-ઉલ્ટીના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમીનો પારો સતત ઉંચકાતા નગરજનો ત્રાહીમામ પોંકારી ગયા છે. બપોર થતા જ પંખા, એસી અને કુલર ફરજીયાત ચાલુ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના ૧૫ થી વધુ ઝાડા-ઉલ્ટીના કેસમાં નોંધાઈ રહ્યા છે.

ગાંધીનગર સિવિલમાં ઓપીડી દર્દીઓમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. જેમાં દરરોજના એક હજાર જેટલા દર્દીઓ વિવિધ ઓપીડીમાં સારવાર માટે આવે છે. ત્યારે હાલના સમયે રોજ ૧૫ થી વધુ દર્દીઓ ઝાડા-ઉલ્ટી તેમજ લુ લાગવાના સામે આવી રહ્યા છે. હાલમાં રાજયમાં ચાલુ વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી પડી રહી છે. શહેરમાં ગરમીનો પારો છેલ્લા કેટલાક સમયથી ૪૦ ને પાર જ છે. ત્યારે શહેરી વિસ્તારમાં ગરમીને પગલે તાવ, ઝાડા ઉલ્ટીના કેસ વધી રહ્યા છે. ત્યારે દર્દીઓને જરુરી દવાઓ ઉપરાંત ઓઆરએસ આપવામાં આવે છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા ગરમી હજુ વધી શકે છે તેવી આગાહી કરવામાં આવી છે ત્યારે શહેરમાં નાગરીકોએ બપોરના ધોમધખતી ગરમીમાં જરુર જણાય તો જ બહાર નીકળવાનું અને વધુ માત્રામાં પાણી પીવાની સલાહ પણ તંત્ર દ્વારા આપવામાં આવે છે. ત્યારે સિવિલની નવી બિલ્ડીંગમાં હાલના સમયે ઝાડા-ઉલ્ટીના દર્દીઓ સવિશેષ જોવા મળી રહ્યા છે.

# અડાલજ સ્થિત ગોડાઉન પર ૧૨ વ્યકિતનો હુમલા બાદ ત્રાસથી માલિકનું મૃત્યુની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર અડાલજ સ્થિત ગોડાઉનમાં બાર શખ્સોએ હુમલો કરીને માલિકની કારમાંથી રૂ.૫.૫૦ લાખની લુંટવાની સાથે છેલ્લા એક વર્ષથી તેને માનસિક શારીરીક ત્રાસ આપી મૃત્યુ નિપજાવ્યાની ફરીયાદ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચાંદખેડા જીએચબી ખાતે રહેતા પ્રિતીસિંગ શિવસિંગ શેખાવતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા ૨૦ વર્ષથી અડાલજ ખાતે તેમના પતિ બાલાપીર સર્કલ સામે ગોડાઉન ચલાવે છે. ગત તા.૨૨ એપ્રિલના રોજ તે અને તેમના પતિ રાજસ્થાન હતા. તે સમયે ગોડાઉન પરથી કારીગરનો ફોન આવ્યો હતો.અને કહ્યું કે સોનુસિંગ અને રણવીર અહી આવ્યા છે. તેઓ ગેટ ખોલવાનું કહે છે.જેથી રાત્રીના સમયે તે તેમના પતિ ગોડાઉપ પહોંચ્યા હતા ત્યારે તેમની કાર આગળ ૧૦ થી ૧૫ વ્યકિત ઉભા હતા. જેમાં રણવીરસિંહ મહેન્દ્રસિંહ શેખાવત,સુમનકવર મહેન્દ્રસિંગ શેખાવત, સોનુસિંગ કિશોરસિંગ શેખાવત, અમર યાદવ, મેહુલ સોલંકી સહિત અન્ય વ્યકિત ઉભા રહ્યા હતા. ત્યારપછી અમર અને મેહુલે તેમના પતિને પકડી રાખ્યા હતા. તે સમયે અન્ય શખ્સોએ માર માર્યો હતો. ત્યારબાદ શખ્સોએ તેમની કારમાંથી સાડા પાંચ લાખ રૂપીયા રોકડા અને ચેક પણ લુંટી લીધો હતો. આ સમગ્ર બનાવની જાણ થતા અડાલજ પોલીસ જવાનો તાત્કાલીક દોડી પહોંચ્યા હતા. પરંતુ તે પહેલા આ શખ્સો ભાગી ગયા હતા. આ બનાવ બાદ તેમના પતિ શિવસિંગ સતત ટેન્શનમાં રહેતો હતો. જયારે ત્રાસને પગલે ગત તા.૨૫ એપ્રિલના રોજ તેમનું મૃત્યુ નિપજયુ હતુ.પોલીસે આ બનાવ અંગે ચંદનસિંહ ચંપાવત,રણવીરસિંહ શેખાવત, સહિત ૧૨ વ્યકિત સામે ગુનાહિત ષડયંત્રનો ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે.

# વધુ સામાન હોવાથી ટ્રીપ કેન્સલ કરવાનું કહેતા ઓલાના ડ્રાઈવરને મુસાફરને માર માર્યો

ગાંધીનગર, તા.૨૭

અડાલજ નજીક વોટર લીલી અદાણી શાંતિગ્રામ ખાતે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. વધુ સામાન હોવાથી ટ્રીપ કેન્સલ કરવાનું કહેતા ટ્રીપ બુક કરાવનાર વ્યકિતએ ઓલાના ડ્રાઈવરને મા-બેન સામે ગાળો બોલી મુઢમાર માર્યો હતો. તે સમયે ઉપરાણુ લઈને ટ્રીપ બુક કરાવનાર મુસાફરની પત્નિ,ડ્રાઈવર અને સિક્યુરીટી ગાર્ડે એકઠા થઈ જાનથી મારી નાંખવાની ધમકી આપતા સમગ્ર મામલો અડાલજ પોલીસ મથકે પહોંચ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ જુના વાડજ ખાતે સુર્યલોક ફલેટ ખાતે રહેતા સી.૫૦૬ ખાતે રહેતા ૫૪ વર્ષિય હરીશ પ્રહલાદભાઈ બુલાણી (સિંધી)પરિવાર સાથે રહે છે. તેઓ છેલ્લા ચાર વર્ષથી ઓલા કંપનીમાં તેઓની એસેન્ટ કાર નં. જી.જે.૦૧.એપ.ટી.૬૨૩૪ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૫ ના રોજ બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં મયંક નામથી અદાણી શાંતિગ્રામ થી રેલ્વે સ્ટેશન જવાનું હોવાથી ટેક્ષી બુક કરાવી હતી. જેથી હરીશભાઈ પોણા ચાર વાગે અદાણી શાંતિગ્રામ વોટર લીલી ખાતે પહોંચી ગયા હતા. તે સમેય ઓર્ડર બુક કરાવનાર ભાઈ અને તેની પત્ની ગાડી જોડે નીચે આવ્યા હતા. પરંતુ તેમની પાસે સામાન વધુ હોવાથી ઓલા ડ્રાઈવર હરીશભાઈએ તમારો સામાન વધુ હોવાથી મારી ગાડીમાં નહી આવે તમે ટ્રીપ કેન્સલ કરવાની ભલામણ કરી હતી. તે સમયે તેઓ સામાન ઉતારતા ફરીયાદીને મા બેન સામે ગાળો બોલી રહ્યા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા તેઓ ડ્રાઈવર પર ઉશ્કેરાઈ જઈને કોલર પકડી પેટ તેમજ આંખની પાસે શરીરે માર માર્યો હતો. ફરીયાદી ધક્કો મારવા જતા તેમનુ ઉપરાણુ લઈને તેમના પત્ની, ડ્રાઈવર અને સિક્યુરીટી ગાર્ડ પણ દોડી આવીને ગાળાગાળી કરી ધક્કામુકી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ઓલા ડ્રાઈવરે માર મારનાર મયંક જય ગોપાલ અરોરા, અવનીત જયગોપાલ અરોરા (રહે. સી-૧ વોટરલીલી અદાણી શાંતિગ્રામ ગામ દંતાલી) તેમજ સંતોષ ગજરાજ મિશ્ર (ગોપાલ એપાર્ટમેન્ટ ૫-૫૪ રૂમ નં.૬૪૮ સૈજપુરબોઘા), લાલુભાઈ કાળુભાઈ દેસાઈ (શ્રીનાથ સોસાયટી કલોલ) સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં પ્રવેશ ફોર્મ ભરવાનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૭

યુજીસીના નવા CUET ના નિયમ મુજબ પવેશ મેળવવા માટે ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને સહયોગ કરવા ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં પ્રવેશ ફોર્મ ભરવાનો શુભારંભ કરેલ છે.

ધોરણ ૧૨ ની પરીક્ષા આપ્યા પછી સ્નાતકમાં પ્રવેશ મેળવવા માટે કેન્દ્રિય વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષા આપવાની છે. તે માટેની અંતિમ તારીખ ૬ મે ૨૦૨૨ છે. તેના ફોર્મ ભરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે રૂબરુ આવીને ફોર્મ ભરવાની સગવડ ઉપલબ્ધ છે.

કોઈ પણ વિદ્યાર્થી મહાવિદ્યાલયના સમય દરમિયાન આવી શકે છે. ફોન ૯૪૮૪૯૮૫૭૯૦ અથવા ૦૭૯૨૩૯૭૫૪૨૮ થી ઓફીસ સંપર્ક કરી શકાય. ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા માં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને બી.આર.એસ. વિષયોનો અભ્યાસક્રમ ચાલે છે. જે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

# શહેરના જાણીતા જ્વેલર્સ સાથે દોઢ તોલાની ચેઈન ખરીદી છેતરપિંડી આચરી

## મુરલીધર જ્વેલર્સમાં બે ઠગબાજોએ દોઢ તોલાની ચેઈન ખરીદી પેટીએમ મારફત પેમેન્ટ સક્સેસનો મેસેજ બતાવી છેતરપિંડી કરી : બીલ પર લખાવેલ સરનામુ પણ ખોટુ નિકળ્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં આવેલા મુરલીધર જ્વેલર્સમાંથી દોઢ તોલાની સોનાની ચેઈનની ખરીદી કરી બે ઠગબાજોએ પેટીએમથી જ્વેલર્સના માલિકના એકાઉન્ટમાં પેમેન્ટ કરી સકસેસનો મેસેજ બતાવી છેતરપિંડી આચરતા જ્વેલર્સના માલિકે ફરીયાદ નોંધાવવા માટે કવાયત હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા નજીક ડભોડા ગામના કનુસિંહ યાદવ દહેગામ, નાના ચિલોડા તેમજ સેકટર-૨૧ ખાતે મુરલીધર જ્વેલર્સ નામની દુકાન ધરાવે છે.ત્યારે સેકટર-૨૧ સ્થિત દુકાન ખાતે બે વ્યકિત સોનાની ચેઈનની ખરીદી માટે આવ્યા હતા. આ સમયે દુકાન માલિક કનુસિંહ યાદવ હાજર ન હતા. પરંતુ જ્વેલર્સની દુકાનમાં નોકરી કરતા યુવકોએ સોનાની વિવિધ ચેઈન બતાવી હતી. જેમાં ચેઈન ખરીદી માટે આવેલા બે વ્યકિતએ એક ચેઈન પસંદ કરી હતી. જેનું વજન અંદાજીત દોઢ તોલા જેટલુ થયુ હતું.સોનાની ચેઈનની કિં.૭૧ હજાર રૂપીયા થઈ હતી. જેથી યુવકોએ સોનાની ચેઈનનું પેમેન્ટ ઓનલાઈન પેટીએમથી કરવાનું છે તેમ કહી કનુસિંહનો નંબર માંગ્યો હતો. ત્યારબાદ શખ્સોએ પેમેન્ટ કર્યા પછી સકસેસનો મેસેજ આવતા તે દુકાન માલિકના મોબાઈલ પર ફોરવર્ડ કર્યો હતો.રવિવાર હોવાથી પેમેન્ટ બીજા દિવસે આવશે. તેમ વિચારી દુકાન માલિકે કોઈ તપાસ કરી ન હતી. પરંતુ બે દિવસ થયા બાદ પણ એકાઉન્ટમાં પેમેન્ટ આવ્યું ન હતું.જેથી દુકાનમાં આવનાર ઠગબાજોએ ફ્રોડ એપથી પૈસાની ચુકવણી કરી છેતરપિંડી આચરતા પોલીસ ફરીયાદ માટે તજવીજ હાથ ધરી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે ઠગબાજોએ બિલ પર લખાવેલુ સરનામુ અને મોબાઈલ નંબર પર તપાસ કરતા બંને ખોટા હોવાનું સામે આવ્યું હતું. જયારે જવેલર્સના વેપારીને રૂ.૭૧ હજારનો ચુનો ચોપડરનાર બે ઠગબાજો દુકાનના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.

# દીવા નીચે અંધારુ..!! વિધાનસભા સંકુલમાં જ કચરાના નિકાલની બેદરકારીભરી પદ્ધતિ

ગાંધીનગર, તા.૨૭

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આપેલા સ્વચ્છતાના સંદેશને આગળ ધપાવીને દેશભરમાં સ્વચ્છતા અભિયાન છેડનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોડેલ સ્ટેટ ગુજરાતની સરકાર જ્યાં બેસીને રાજ્યના વિકાસ માટે કાયદા ઘડે છે તે વિધાનસભા સંકુલના બેઝમેન્ટમાં આવેલી વિધાનસભા કેન્ટીન પાસે કચરાના બેદરકારીભર્યા નિકાલની પદ્ધતિથી જ સર્જાઇ રહેલી ગંદકી જોઇને દીવા તળે અંધારુ એ કહેવત યાદ આવ્યાં વગર રહે નહીં.

વળી, કોરોના મહામારીમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યના પાઠ ભણવા છતાં આ રીતે ખુલ્લામાં કચરાપેટીઓને ખડકી દઈને કર્મચારીઓના



સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાની પ્રવૃત્તિ ખરેખર અચરજ પમાડનારી છે. વિધાનસભા સંકુલ ખાતે જ આ રીતે ખડકાતી અસહ્ય ગંદકીમા ખોરાક શોધી રહેલો શ્વાન પણ ઘણું બધું સૂચવી જાય છે. સરકારી તંત્રના નાક નીચે જ ઠાલવવામાં આવતી ગંદકીને રોકવા માટે પગલા કોણ ભરશે તેવા સવાલો ખડાં થઈ રહ્યાં છે.